# ૫૧મી મિનિટના હેડરથી ફ્રાન્સ પહોંચી ગયું ફાઈનલમાં!

### ઉમ્ટીટીના એકમાત્ર ગોલે બેલ્જિયમને પહેલી વાર ફાઈનલમાં જતાં રોક્યું



મંગળવારની સેમી ફાઈનલનો એકમાત્ર ગોલ કર્યા પછીના સેલિબ્રેશનમાં દોટ મૂકતો ફ્રાન્સનો સૅમ્યુલ ઉમ્ટીટી.




ફ્રાન્સના ખેલાડીઓએ મૅચના અંત બાદ ફાઈનલ-પ્રવેશની જોશભેર ઉજવણી કરી હતી.

*સેન્ટ પીટર્સબર્ગ:* સેમ્યુલ ઉમ્ટીટીએ કોર્નરમાંથી કરેલા હેડર ગોલથી ફ્રાન્સની ટીમે ફિફા વર્લ્ડ કપ-૨૦૧૮માં અહીં સેમી-ફાઈનલ રાઉન્ડની મેચમાં ૧-૦થી મંગળવારે રાતે વિજય મેળવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો અને બેલ્જિયમના ખેલાડીઓને ફરી નિરાશા અપાવી હતી.

ભારોભાર ફૂટબોલ કસબ ધરાવતા યુવા ખેલાડીઓની કીલિયન એમ્બાપેની આગેવાની હેઠળ ફ્રાન્સની ટીમ હવે રવિવારે સ્પર્ધાના તાજ માટે ઈંગ્લેન્ડ અથવા ક્રોએશિયા વિરુદ્ધ મોસ્કોમાં રમશે કે જેમાં તે યુરો-૨૦૧૬ની ફાઈનલમાં પોતાના ઘરઆંગણે થયેલા પરાજયના દેખાવને સુધારવાનો પ્રયાસ કરશે.

ઉમ્ટીટીએ મેચના બીજા તબક્કાની છ મિનિટમાં ગોલ કર્યો હતો.

ડિડિયર ડેસચેમ્પ્સની ફ્રાન્સની ટીમના વિજયમાં ગોલકીપર હ્યુગો લોરિસનો પણ મહત્ત્વનો ફાળો હતો જેણે મેચના વિશ્રામની બંને બાજુએ હરીફ ટીમના ગોલ થતા અટકાવ્યા હતા.

બેલ્જિયમના કોચ રોબર્ટો માર્ટિનેઝે કહ્યું હતું કે ફ્રાન્સ સામેની સેમી-ફાઈનલ મેચમાં તેમની ટીમને ભાગ્યનો સાથ ન મળ્યો હતો અને રાષ્ટ્રના 'સોનેરી યુગ'ના ખેલાડીઓનો એક વધુ મોકો છીનવાઈ ગયો હતો.

બે યુરોપિયન ટીમ વચ્ચેની આ મેચમાં બેલ્જિયમની ટીમના ખેલાડીઓએ બોલ પર વધુ સમય માટે કાબૂ રાખ્યો હતો, પણ તેઓ ફ્રાન્સનું ડિફેન્સ તોડી શક્યા ન હતા.

''મેચ બહુ સખતાઈથી રમાઈ હતી,'' એમ માર્ટિનેઝે ૫૧ મિનિટમાં નોંધાયેલા ગોલમાં ફ્રાન્સની ટીમના વિજય માટે કહ્યું હતું.

માર્ટિનેઝે ફ્રાન્સની ટીમના ડિફેન્સની પ્રશંસા કરી હતી અને વિજય માટે અભિનંદન આપ્યા હતા તથા ફાઈનલ મેચ માટે પોતાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

બેલ્જિયમે ક્વાર્ટર-ફાઈનલ રાઉન્ડમાં બ્રાઝિલને હરાવી સ્પર્ધામાં આગેકૂચ કરી હતી, પણ ફ્રાન્સ સામે સસ્પેન્ડ કરાયેલ તેનો રાઈટ-બેક ખેલાડી થોમસ મ્યુનિયર રમી ન શકવાના કારણે ટીમે ઘણું સહન કરવું પડ્યું હતું.

ફ્રાન્સ સામેની સેમી-ફાઈનલ મેચ પૂર્વે બેલ્જિયમની ટીમે રશિયામાં આ વેળાના વર્લ્ડ કપમાં પોતાની બધી પાંચે મેચ જીતી હતી તથા તે દરમિયાન ૧૪ ગોલ કર્યા હતા.

બેલ્જિયમ ફાઈનલ મેચમાં રમવાની તક ચૂકી ગયું હતું અને હવે તે શનિવારે અહીં જ ત્રીજા સ્થાન માટેની મેચમાં ઈંગ્લેન્ડ અને ક્રોએશિયા વચ્ચેની અન્ય સેમી-ફાઈનલ મેચમાં હારી જનારી ટીમ વિરુદ્ધ રમશે તથા આ વર્લ્ડ કપમાં હજી પોતાનું શ્રેષ્ઠ પરિણામ મેળવી શકે છે. તે ૧૯૮૬માં આર્જેન્ટિના સામે સેમી-ફાઈનલમાં હારી ગયું હતું અને ત્યાર પછી, ફ્રાન્સ વિરુદ્ધ ત્રીજા સ્થાન માટેની મેચમાં પણ તેનો પરાજય થયો હતો.

''સેમી-ફાઈનલમાં હારી જવામાં ઘણી નિરાશા થતી હોય છે,'' એમ વર્લ્ડ કપ પૂર્વે પોતાનો કોન્ટ્રાક્ટ ૨૦૨૦ સુધી લંબાવેલ માર્ટિનેઝે હતાશામાં કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે બેલ્જિયમ પાસે યુવા ફૂટબોલરોની સારી પૂંજી છે અને હવે તેઓ યુરો-૨૦૨૦ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે. (એ.એફ.પી.)■

# ફ્રાન્સની જીત થાઈલેન્ડની ગુફામાંથી હેમખેમ બહાર આવેલા ૧૨ બાળ-ફૂટબૉલરોને અર્પણ

### પૉલ પોગ્બાએ સેમી ફાઈનલના શાનદાર વિજય પછી કરી જાહેરાત



*સેન્ટ પીટર્સબર્ગ (રશિયા):* મંગળવારે વિશ્વકપની સેમી ફાઇનલમાં ફ્રાન્સે બેલ્જિયમને ૧-૦થી હરાવીને ત્રીજી વખત ફાઇનલમાં પહોંચ્યું એ અવસરની ઉજવણીમાં ફ્રાન્સનો ટોચનો ફૂટબૉલર પૉલ પોગ્બા એટલો બધો ખુશ થઈ ગયો હતો કે તેણે પોતાની ટીમની આ જીતને મંગળવારે થાઇલૅન્ડની ભૂગર્ભની જીવલેણ ગુફામાંથી હેમખેમ બહાર આવેલા ૧૨ છોકરાઓ તથા તેમના કોચને અર્પણ કરી હતી.

આ તમામ બાળકો વાઇલ્ડ બોઅર્સ યુથ ફૂટબૉલ ટીમના ખેલાડીઓ છે. તેઓ ૨૩મી જૂને કોચ સાથે આ ભૂગર્ભ ગુફામાં ગયા ત્યાર બાદ એમાં ફસાઈ ગયા હતા.

આ ફૂટબૉલરો ૧૧થી ૧૬ વર્ષની ઉંમરના છે.

મૅન્ચેસ્ટર યુનાઇટેડના મિડ-ફીલ્ડર પોગ્બાએ ટ્વિટર પર લખ્યું હતું કે 'અમારી આ જીત થાઇલૅન્ડની ગુફામાંથી બહાર આવેલા તમામ હીરોને અર્પણ કરું છું. વેલ ડન બૉય્સ, તમે બહુ જ હિંમતવાળા છો. તમને બધાને સલામ છે.' ■

## ગુફામાંથી મોતને હાથતાળી આપી આવેલા બાળકોને વર્લ્ડ કપની ફાઈનલ જોવાનું આમંત્રણ: જોકે, તબીબી કારણસર મોસ્કો નહીં આવે

*મોસ્કો:* થાઇલૅન્ડની ભયાનક ગુફામાંથી બચી ગયેલા તમામ ૧૨ બાળ-ફૂટબૉલરોને ફૂટબૉલ-જગતનું સંચાલન કરતી સંસ્થા ફિફાએ રવિવારે મોસ્કોમાં રમાનારી ૨૧મા વર્લ્ડ કપની ફાઇનલ જોવા આવવાનું આમંત્રણ આપ્યું છે.

આ બાળકો વાઇલ્ડ બોઅર્સ યુથ ફૂટબૉલ ટીમના ખેલાડીઓ છે. તેમને ફિફા તરફથી ભાવભર્યું આમંત્રણ મળ્યું તો છે, પરંતુ ફિફાએ પત્રકારોને ગઈ કાલે જણાવ્યું હતું કે 'તબીબી કારણોસર આ બાળકો મોસ્કો આવી શકે એમ નથી.'

ફિફાના એક પ્રવક્તાએ કહ્યું હતું કે 'મોતને હાથતાળી આપીને ગુફામાંથી સલામત હાલતમાં બહાર આવેલા આ બાળકોનું સ્વાસ્થ્ય જળવાય એ વિશે ફિફા સંમત છે. અમે ભવિષ્યમાં ક્યારેક કોઈ પ્રસંગે તેમને જરૂર ફરી આમંત્રણ આપીશું.' ■

# પૅરિસના રસ્તાઓ પર ફાઈનલ-પ્રવેશની ઉજવણીનો દાવાનળ ફાટી નીકળ્યો

*પેરિસ:* ફ્રાન્સની ટીમના ફિફા વર્લ્ડ કપ-૨૦૧૮માં ફાઈનલમાં પ્રવેશ સાથે અહીં તેના પાટનગરમાં રહેવાસીઓએ રાષ્ટ્રગીત ગાઈ, 'ફાઈનલમાં પ્રવેશ'ના નારા લગાવી અને વાહનોના હોર્ન વગાડવા ઉપરાંત ફટાકડાની આતશબાજીથી વિજયની ઉજવણી કરી હતી.

ડિડિયર ડેસચેમ્પ્સની ટીમના સેન્ટ પીટર્સબર્ગમાં ક્રોએશિયા સામે સેમી-ફાઈનલમાં ૧-૦થી થયેલી વિજયભરી મેચ જાયન્ટ સ્ક્રીન પર નિહાળવા લગભગ ૨૦,૦૦૦ની માનવમેદની અહીંના હૉટલ તથા ટાઉન હોલ ખાતે જમા થઈ હતી અને જગ્યાની અછતના કારણે કેટલાક લોકોએ ઝાડ અને ગાડીઓ પર ચઢી રમતનો આનંદ લીધો હતો.

અનેક લોકો રાષ્ટ્રના ધ્વજના રંગના કપડા પહેરી એકબીજાને ભેટી તથા નાચગાન કરવા લાગ્યા હતા.

સેમ્યુલ અમટિટિના ૫૧મી મિનિટમાં થયેલા નિર્ણાયક ગોલ સાથે રાષ્ટ્રનો ત્રિરંગો બધે સ્થાને ફરકાયેલો જોવા મળ્યો હતો. પેરિસમાં આ પૂર્વે ૨૦ વર્ષ અગાઉ ફ્રાન્સના ઘરઆંગણે થયેલા વર્લ્ડ કપ વિજયની ઉજવણી થઈ હતી. (એ.એફ.પી.)■



# રક્તપ્રવાહ સુધારવા બૉયકોટની ઓપન હાર્ટ બાય-પાસ સર્જરી કરાઈ

### ૧૬ વર્ષ પહેલાં તેઓ કૅન્સર-મુક્ત થયા હતા

*લંડન:* ઇંગ્લૅન્ડના મહાન બૅટ્સમૅન સર જ્યૉફ બૉયકોટ પર ક્વૉડ્રપલ ઓપન હાર્ટ બાય-પાસ સર્જરી કરવામાં આવી છે. આ શસ્ત્રક્રિયા બાદ તેમની તબિયત સારી હોવાનું ગઈ કાલે સાંજે મળેલા અહેવાલમાં જણાવાયું હતું. આ પ્રકારની સર્જરીમાં દર્દીના હૃદય સુધી પહોંચતો રક્તનો પ્રવાહ સુધારવાના હેતુથી હૃદયમાં ચાર જગ્યાએ ઓપન હાર્ટ બાય-પાસ શસ્ત્રક્રિયા કરવામાં આવે છે. બૉયકોટ ૭૭ વર્ષના છે. લીડ્સ ખાતે ગત ૨૭મી જૂને તેમના પર આ સર્જરી કરાઈ હતી. તેમના ટ્વિટર હૅન્ડલ પર તેમની પુત્રી એમાએ આ માહિતી આપી હતી. (એ.એફ.પી.)■



થોડા મહિના પહેલાં પત્ની રાચેલ અને પુત્રી એમા સાથે જ્યૉફ બૉયકોટ. ભૂતપૂર્વ બ્રિટિશ ક્રિકેટરની તબિયત હાર્ટ-સર્જરી પછી હવે સારી છે.

## પાક રેસલરોને સ્પર્ધામાં ભાગ લેવા ગૃહ ખાતાની મંજૂરી

*નવી દિલ્હી:* પાડોશી રાષ્ટ્રના સંઘના સભ્યોની હિલચાલ સ્પર્ધાના મથકોથી મર્યાદિત રહેવાની રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાએ આપેલી ખાતરી બાદ પાકિસ્તાનના કુસ્તીબાજોને નવી દિલ્હી ખાતે યોજાનાર એશિયન જુનિયર ચૅમ્પિયનશિપમાં ભાગ લેવા માટે ગૃહ ખાતા દ્વારા પરવાનગી અપાઈ હતી. ગૃહ ખાતાએ સ્પર્ધાને માન્યતા આપી હતી, પણ પાકિસ્તાન, ઈરાક અને અફઘાનિસ્તાનના કુસ્તીબાજોને સ્પર્ધામાં ભાગ લેવા માટેની પરવાનગી આપવાની બાકી રાખી હતી. સ્પર્ધા ૧૭-૨૨ જુલાઈ દરમિયાન યોજાનાર છે. (પી.ટી.આઈ.)■

## ફ્રાન્સના ગોલકીપરનો સુપર-પર્ફોર્મન્સ: બેલ્જિયમના ગોલકીપરની વર્લ્ડ કપને અલવિદા





મંગળવારે ફિફા વર્લ્ડ કપની બેલ્જિયમ સામેની સેમી ફાઇનલમાં ફ્રાન્સના ગોલકીપર હ્યુગો લૉરિસે (ઉપર) બેહતરીન પર્ફોર્મન્સમાં ઘણા ગોલ થતા અટકાવ્યા હતા. તેની આ કાબેલિયતને કારણે બેલ્જિયમ એકેય ગોલ નહોતું કરી શક્યું. બીજી તરફ, બેલ્જિયમનો ગોલકીપર થિબૉટ કૉર્ટોઇસ ફ્રાન્સના કીલિયાન ઍમ્બાપેએ હેડરથી કરેલા મૅચના એકમાત્ર ગોલને રોકવામાં નિષ્ફળ જતાં બેલ્જિયમે ૦-૧થી હાર જોવી પડી હતી. મૅચ પછી કૉર્ટોઇસે પુત્રી ઍડ્રિયાનાને તેડીને વર્લ્ડ કપને ભાવભરી અલવિદા કરી હતી (ડાબે).

# ધોનીએ જ્યારે ગુસ્સામાં કુલદીપને કહ્યું, 'ક્યા મૈં પાગલ હૂં યહાં પે? ૩૦૦ મૅચ ખેલા હૂં'

### રિસ્ટ-સ્પિનરે ફીલ્ડિંગની બાબતમાં માહીની સલાહ માની અને તેને તરત વિકેટ મળી




*ઇન્દોર:* ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન મહેન્દ્રસિંહ ધોની 'કૅપ્ટન-કૂલ' તરીકે જાણીતો છે અને તેના સુકાનમાં રમી ચૂકેલા લગભગ બધા જ પ્લેયરો સાથે તે મગજ ઠંડુ રાખીને કામ લેતો હતો, પરંતુ 'વૉટ ધ ડક' નામના જાણીતા કાર્યક્રમના હોસ્ટ વિક્રમ સાઠયે સાથેની તાજેતરની મુલાકાતમાં ૨૩ વર્ષીય રિસ્ટ-સ્પિનર કુલદીપ યાદવે કરેલી પેટછૂટી વાતચીતમાં પોતાના જ ધોની સાથેના એક અનુભવનું વર્ણન કર્યું છે.

ધોની ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ગયો છે, પરંતુ વન-ડે અને ટી-ટ્વેન્ટીમાં તેમ જ આઇપીએલમાં સ્ટમ્પ્સની પાછળ ઊભા-ઊભા પોતાના સાથીઓની અડધી મુશ્કેલી દૂર કરી આપતો હોય છે.

ડિસેમ્બર, ૨૦૧૭માં ઇન્દોરમાં શ્રીલંકા સામે ભારતે યુઝવેન્દ્રની ચાર વિકેટ ઉપરાંત કુલદીપની ત્રણ વિકેટના તરખાટથી શ્રેણીની બીજી ટી-ટ્વેન્ટી પણ જીતીને ટ્રોફી પર કબજો કરી લીધો હતો. એ મૅચમાં વિકેટકીપર ધોની સાથેના અનુભવની વાત કરવા કુલદીપને ઇન્ટરવ્યૂમાં સાઠયેએ જ્યારે પૂછ્યું ત્યારે કુલદીપે ધોનીની સલાહ પોતાને ખૂબ કામ લાગી હોવાનું કહ્યું હતું.

વાત એવી છે કે ટીમ ઇન્ડિયાએ બૅટિંગ મળ્યા પછી ૨૬૦ રન બનાવ્યા બાદ શ્રીલંકન બૅટ્સમેનો પણ ઘણું સારું રમી રહ્યા હતા. એક તબક્કે કુલદીપના એક બૉલમાં શ્રીલંકન બૅટ્સમૅને રિવર્સ-સ્વીપમાં ચોક્કો ફટકાર્યો હતો. એને પગલે ધોની તરત જ ફીલ્ડિંગમાં થોડો સુધારો કરવાનું કહેવા કુલદીપ પાસે આવ્યો હતો. ધોનીએ એક ફીલ્ડરને કવર્સમાંથી ડીપ-કવર્સમાં મોકલવા અને પૉઇન્ટના સ્થાનવાળા ફીલ્ડરને થોડો આગળ લાવવા કહ્યું હતું.

જોકે, મૂંઝાયેલા કુલદીપે ધોનીને કહ્યું, 'મને આ ફીલ્ડ-પ્લેસમેન્ટ અડચણરૂપ નથી લાગતું. ઓકે લાગે છે.' જોકે, કુલદીપનું એ કહેવું સાંભળીને ધોની ગુસ્સામાં આવી ગયો હતો અને કુલદીપને કહ્યું હતું, 'ક્યા મૈં પાગલ હૂં યહાં પે? ૩૦૦ મૅચ ખેલા હૂં'

જોકે, કુલદીપે ધોનીની સલાહ મુજબ ફીલ્ડિંગ ગોઠવી હતી અને થોડી જ વારમાં કુલદીપને વિકેટ મળી ગઈ હતી. ધોની તરત તેની પાસે ગયો અને બોલ્યો, 'યહી કહ રહા થા મૈં...યહી કહ રહા થા મૈં.'

કુલદીપે એ મૅચમાં પોતાની ચોથી ઓવરમાં ત્રણ વિકેટ લીધી હતી. પહેલા બૉલમાં થિસારા પરેરા (૦), બીજા બૉલમાં કુસાલ પરેરા (૭૭) અને પાંચમા બૉલમાં અસેલા ગુણરત્ને (૦) આઉટ થયો હતો. ■

# આજથી વન-ડે સિરીઝ: રનની રમઝટ વચ્ચે નંબર વન ઈંગ્લૅન્ડ અને નંબર ટૂ ભારત વચ્ચે રસાકસી

### ભારત જીતવા માટે ફેવરિટ: રાહુલને વધુ તક આપવા વિરાટ નીચલા ક્રમે રમશે?: સાંજે ૫.૦૦ વાગ્યાથી મુકાબલો

*નોટિંગહામ:* ટ્વેન્ટી-૨૦ મેચોની શ્રેણીમાં મેળવેલા પ્રભાવિત વિજયના આત્મવિશ્વાસ સાથે ભારત આયોજક ઈંગ્લેન્ડ વિરુદ્ધ ગુરુવારથી પ્રારંભ થનારી ત્રણ ઈન્ટરનેશનલ મેચની વન-ડે સિરીઝમાં ફરી પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરશે.

વન-ડેના રૅન્કિંગમાં ઇંગ્લૅન્ડ નંબર વન અને ભારત નંબર ટૂ છે.

આવતા વર્ષે બ્રિટનમાં યોજાનારા આઈ. સી. સી. વર્લ્ડ કપ (૫૦ ઓવરો)ની તૈયારી તરીકે રમાનારી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચોની આ શ્રેણી વિરાટ કોહલી અને તેના સાથી ખેલાડીઓને ૨૦૧૯માં આ જ સમયે યોજાનારા વર્લ્ડ કપ માટે અહીંના હવામાન અને પરિસ્થિતિનું બરોબર ભાન કરાવશે.

કે. એલ. રાહુલના વર્તમાનના સારા બૅટિંગ ફૉર્મના કારણે તેનો વધુ ઉપયોગ કરવાના હેતુએ કેપ્ટન કોહલી કદાચ બૅટિંગ ક્રમમાં નીચે સરકી ચોથા સ્થાને રમવાનું પસંદ કરશે.

**ભારત:** વિરાટ કોહલી (કેપ્ટન), શિખર ધવન, રોહિત શર્મા, કે. એલ. રાહુલ, મહેન્દ્રસિંહ ધોની (વિકેટકીપર), દિનેશ કાર્તિક, સુરેશ રૈના, હાર્દિક પંડ્યા, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, શ્રેયસ ઐયર, સિદ્ધાર્થ કૌલ, અક્ષર પટેલ, ઉમેશ યાદવ, શાર્દુલ ઠાકુર, ભુવનેશ્વર કુમાર.

**ઈંગ્લેન્ડ:** ઈયોન મૉર્ગન (કેપ્ટન), જેસન રોય, જોની બેર્સ્ટોવ, જોસ બટલર (વિકેટકીપર), મોઈન અલી, જો રૂટ, જેક બોલ, ટોમ કરન, એલેક્સ હેલ્સ, લિયેમ પ્લનકેટ, બેન સ્ટોક્સ, આદિલ રશીદ, ડેવિડ વિલી, માર્ક વૂડ. (પી.ટી.આઈ.)■

## ક્રિકેટ કરતાં બ્રિટનની સૉકર મૅચ વિશે જો રૂટ વધુ નર્વસ હતો!

*લંડન:* ઇંગ્લૅન્ડનો ટોચનો બૅટ્સમૅન જો રૂટ ફૂટબૉલનો મોટો રસિયો છે. જોકે, માત્ર તે જ નહીં, પણ ભારત સામે રમી રહેલી ઇંગ્લૅન્ડની ટીમના મોટા ભાગના પ્લેયરો હૅરી કેનના સુકાનવાળી ઇંગ્લૅન્ડની ફૂટબૉલ ટીમના ફૅન છે. એક તરફ, બ્રિટિશ ક્રિકેટ ટીમ ભારત સામેની આજની પ્રથમ વન-ડે માટે ગઈ કાલે તૈયારીમાં વ્યસ્ત હતી ત્યાં બીજી બાજુ તેમને ઇંગ્લૅન્ડની સૉકર ટીમ ક્રોએશિયા સામેની સેમી ફાઇનલમાં જીતશે કે નહીં એની ચિંતા હતી.

ખુદ જો રૂટે ગઈ કાલે સાંજે એક મુલાકાતમાં કહ્યું હતું કે 'હું અને મારા સાથી-ક્રિકેટરો અત્યારે ક્રિકેટ કરતાં ફૂટબૉલની સેમી ફાઇનલ વિશે વધુ નર્વસ છીએ.' ■

## નંબર ટૂ ફેડરર હાર્યો: જોકોવિચ સેમીમાં

*લંડન:* ગયા વર્ષનો વિમ્બલ્ડન ચૅમ્પિયન અને ૮ વખત આ સ્પર્ધા જીતનારો વર્લ્ડ નંબર ટૂ રોજર ફેડરર ગઈ કાલે આ સ્પર્ધાની ક્વૉર્ટર ફાઇનલમાં આઠમા નંબરના સાઉથ આફ્રિકાના કેવિન ઍન્ડરસન સામે ૬-૨, ૭-૫, ૫-૭, ૪-૬, ૧૧-૧૩થી હારી ગયો હતો. જોકે, નોવાક જૉકોવિચ ક્વૉર્ટર ફાઇનલમાં જાપાનના કટ્ટર હરીફ કેઇ નિશિકોરી સામેની 'વિમ્બલ્ડન વૉર' સમાન મૅચમાં ૬-૩, ૩-૬, ૬-૨, ૬-૨થી જીતીને સેમીમાં પહોંચી ગયો હતો. ૨૦૧૫ પછીની તેની આ પહેલી વિમ્બલ્ડન સેમી ફાઇનલ છે. ■

## ધોનીને ૧૦,૦૦૦ માટે ૩૩ રનની જરૂર

*ટ્રેન્ટ બ્રીજ:* ધોનીના વન-ડે ક્રિકેટમાં ૯,૯૬૭ રન છે અને ૧૦,૦૦૦ રનના આંકડા પર પહોંચવા તેને માત્ર ૩૩ રનની આવશ્યકતા છે. જો તે આ ૩૩ રન બનાવી લેશે તો વન-ડે જગતમાં ૧૦,૦૦૦ રન બનાવનારો વિશ્વનો બારમો અને ભારતનો ચોથો ખેલાડી બનશે. ભારતીયોમાં સચિન તેન્ડુલકર ૧૮,૪૨૬ રન સાથે વિશ્વમાં નંબર વન છે. સૌરવ ગાંગુલીએ ૧૧,૩૬૩ રન અને રાહુલ દ્રવિડે ૧૦,૮૮૯ રન બનાવ્યા હતા. વન-ડે ક્રિકેટમાં એકંદરે ભારતનો હાથ ઇંગ્લૅન્ડ કરતાં થોડો ઉપર છે કારણકે બન્ને દેશ વચ્ચે રમાયેલી કુલ ૯૬ વન-ડેમાંથી બાવન ભારત અને ૩૯ ઇંગ્લૅન્ડ જીત્યું છે. જોકે, ૨૦૧૫ના છેલ્લા વર્લ્ડ કપ પછી રમેલી કુલ વન-ડેમાં ઇંગ્લૅન્ડ ૪૬-૧૯નો જીત-હારનો રેશિયો ધરાવે છે. આ યાદીમાં ભારત ૩૯-૧૯ના જીત-હારના રેશિયો સાથે બીજા નંબરે છે. ■